હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



હે, કાળા કાનજી... લો આ દૂધપાક... અને મારા વાલા... એક અરજ છે... ઓલી બુલેટ ટ્રેન ચાલુ થાય ત્યાં સુધી મને બોલાવતો નહીં...!!

સિવિલ સંકુલમાં ગંદકીના ઢગ : ગાંધીનગર સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ માટેની હોસ્ટેલની કેન્ટીન પાસે ગંદકી ઢગ ખડકાયા છે. નિયમિત સ્વચ્છતાના અભાવે ગંદકી દિનપ્રતિદિન વધતી જાય છે. સાથો સાથ ગટરનું પાણી ઉભરાતા ગંદકીમાં ઓર વધારો થાય છે. જ્યાં રોગ સામે લડવા માટેની માળખાકીય સુવિધાઓ ઉભી કરાઈ હોય ત્યાં જ રોગ જન્માવાના મચ્છરોનું ઉત્પતિ કેન્દ્ર પણ ગંદકીના ઢગમાં બને છે.

લોક વિકાસ મંચ પક્ષ દ્વારા ચૂંટણીલક્ષી તૈયારીઓ શરૂ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતના પ્રવર્તમાન રાજકારણમાં જનતાને ત્રીજા વિકલ્પની જરુર છે.ત્યારે ગુજરાતના રાજકારણમાં ત્રીજા વિકલ્પ તરીકે લોક વિકાસ મંચ ઉભરી રહ્યો છે. ત્યારે ચુંટણીલક્ષી સાત મુદ્દા પણ લોક વિકાસ મંચ દ્વારા બહાર પાડવામાં આવ્યા છે.ત્યારે આગામી વિધાનસભાની ચુંટણી માટે પણ પક્ષ દ્વારા પોતાની ગતિવિધીઓ તેજ કરી દીધી છે.

લોક વિકાસ મંચનું રાજય વ્યાપી સંગઠન ઉભુ કરવાની અને આગામી વિધાનસભામાં ચુંટણી માટેના ઉમેદવારો નક્કી કરવાની તેમજ આગામી વિધાનસભામાં ચુંટણી માટેના ઉમેદાવારો નક્કી કરવાની કામગીરી તાત્કાલીક ધોરણે શરુ કરી દેવામાં આવી છે. ત્યારે આગામી વિધાનસભાની ચુંટણી માટે લોક વિકાસ મંચ દ્વારા સાત મુદા તૈયાર કરાયા છે. જેમાં પ્રામાણિક અને પારદર્શક વહીવટથી ભ્રષ્ટ્રાચાર નાબુદી, કરકસરયુકત વહીવટ અને મોંઘવારીમાં ઘટાડો કરવો, શિક્ષણમાં ખાનગીકરણ નાબુદી દ્વારા પ્રજાનું આર્થિક શોષણ રોકવું, સરકારી સેવામાં કોન્ટ્રાકટ પધ્ધતિ તેમજ ફીકસ પગારથી નિમણુંકની પ્રથા બંધ કરી નિયમિત ભરતી કરવી, આદિવાસી વિસ્તારોના વિકાસ માટે હયાત યોજનાઓનો અસરકારક અમલ કરવો, ગરીબ મેળાઓ સહાય યોજનાઓ અન્વયે ચુકવણી અને તેવા હેતુઓ માટે યોજનામાં આવતા સમારંભ-મેળાવડાઓ બંધ કરી બિન ઉત્પાદકીય ખર્ચાઓ બંધ કરી, યોજનાકીય ખર્ચાઓ દ્વારા વિકાસ કરવો, આર્થિક પછાત વર્ગોના ઉત્થાન માટે રોજગારી સહિતની કલ્યાણકારી યોજનાઓ ઘડવી અને તેનો અસરકારક અમલ કરવાનો સમાવેશ થાય છે. જયારે આ લોકવિકાસ મંચ પક્ષની વધુ માહિતી માટે ડી.ટી.પટેલ પ્રમુખ, રજનીકાંત દેસાઈ કાર્યકારી પ્રમુખ તેમજ મનુપ્રસાદ મહેતાનો સંપર્ક કરવો.

ગાંધીનગર કોંગ્રેસ દ્વારા યુવા રોજગાર અભિયાન અંતર્ગત આજે સવારે ૧૦.૩૦ વાગે સત્યાગ્રહ છાવણી ખાતે રજીસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરાઈ હતી તે પ્રસંગે લેવાયેલ તસવીર. હવે જિલ્લામાં જિલ્લા પંચાયતની બેઠક દીઠ આવુ જ રજીસ્ટ્રેશન અભિયાન હાથ ધરવામાં આવશે. આજે મોટી સંખ્યામાં યુવાનોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ.

આજે જિલ્લાના સરકારી આયુર્વેદ તથા હોમિયોપેથી દવાખાનાઓ પર સૂવર્ણપ્રાશન પીવડાવાશે

ગાંધીનગર, તા. ૧૫

બાળકના ઉત્તમ સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે આયુર્વેદમાં બ્રાહ્મી, શંખપુષ્પી જેવા દિવ્ય મેધા વર્ધક ઔષધો પુષ્યનક્ષત્રમાં ચડાવવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જેની અસર આગામી પુષ્યનક્ષત્ર સુધી રહેતી હોય છે. આ ઔષધોમાંથી બનતા સુવર્ણપ્રાશનનો વસુદૈવ કુટુંમ્બકમ સંસ્થાએ ડૉ. દવે સુવર્ણામૃત સીરપ નામથી જથ્થો પુરો પાડ્યો છે. જેને સમગ્ર ગાંધીનગર જિલ્લાના સરકારી આયુર્વેદિક તથા હોમિયોપેથી દવાખાનાઓમાં પુષ્યનક્ષત્રમાં પીવડાવવામાં આવનાર છે. સુવર્ણપ્રાશન તા. ૧૬મી સપ્ટેમ્બર શનિવાર સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન જિલ્લાના તમામ સરકારી આયુર્વેદ તથા હોમિયોપેથી દવાખાનાઓમાં પીવડાવવામાં આવશે જેનો મહત્તમ લાભ લેવા નાગરિકોને જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

આજે કલોલ ખાતે રોજગાર ભરતી મેળો

ગાંધીનગર, તા. ૧૫

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા એચ.એસ.સી અને તેથી વધુ ભણેલા યુવાના માટે કસ્ટમર કેર એકઝીક્યુટીવ માટેની ભરતી તા. ૧૪-૯-૨૦૧૭ના સવારના ૧૧ કલાકે ટેક મહિન્દ્રા ઈન્ફોસીટી ટાવર-૪, ૪થો માળ ગાંધીનગર ખાતે યોજાશે. આ રોજગાર ભરતી મેળામાં ઉમેદવારોએ ફકત બાયોડેટાની ઝેરોક્ષ નકલ સાથે જ ઉપસ્થિત રહેવા રોજગાર અધિકારી, જિલ્લા રોજગાર વિનિમય કચેરીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

જિલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર દ્વારા તા.૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ સવારના ૧૧ કલાકે પી.એચ.જી. મ્યુનિસિપલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કલોલ ખાતે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કુલ- ૧૨ કંપનીઓમાંથી નોકરીદાતા ઉપસ્થિત રહેશે. આ ભરતીમેળામાં ભાગ લેવા આવનાર ઉમેદવારે ફકત બાયોડેટાની ઝેરોક્ષ નકલ સાથે આવવાનું રહેશે.

વરસાદથી નુકસાન પામેલ પ્રાથમિક શાળાઓની મરામત માટે ૧૦ લાખનો ખર્ચ કરવામાં આવશે

જિલ્લા શિક્ષણ સમિતિની બેઠકમાં લેવાયો નિર્ણય : ઘેઘુ પ્રાથમિક શાળા બંધ કરાઈ તો કલોલમાં પ્રાથમિક શાળાની જમીનમાં આંગણવાડી કેન્દ્રોના નિર્માણ માટે મંજૂરી આપવામાં આવી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદને પગલે ૨૬ પ્રા. શાળાઓને થયેલા નાના મોટા નુકશાનનું રૂ.૧૦ લાખના ખર્ચે મરામત કરવાનો નિર્ણય જિલ્લા શિક્ષણ સમિતિની આજની બેઠકમાં કરવામાં આવ્યો છે.

શિક્ષણ સમિતિની આજે મળેલ બેઠકમાં કેટલાક મહ્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. કલોલ શહેરી વિસ્તારમાં પ્રા. શાળાના મકાનની જગ્યામાં જ આંગણવાડીના મકાનો માટે જગ્યા ફાળવવા, ઘેઘુની સરકારી પ્રા. શાળા બંધ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે આજે મળેલ શિક્ષણ સમિતિની બેઠકમાં ઘેઘુ સરકારી પ્રા. શાળામાં છેલ્લા એક વર્ષથી બાળકો ના આવતા આ સરકારી શાળા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ઉપરાંત કલોલ તાલુકામાં આંગણવાડી કેન્દ્રો માટે જમીનની ઉપલબ્ધિ થઈ ન હોવાથી કલોલ શહેરની શાળાઓની કેટલીક ખુલ્લી જગ્યાઓમાં હવે આંગણવાડી કેન્દ્રોના નિર્માણ માટેની છુટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લામાં જુલાઈ અને ઓગષ્ટ માસ દરમિયાન નોંધાયેલ ભારેથી અતિ ભારે વરસાદને પગલે ૨૬ જેટલી પ્રા. શાળાના મકાનોને નાનુ મોટું નુકશાન થયું હતું. આ અંગે સર્વેને અંતે મરામતની કામગીરીના અંદાજો તૈયાર કરવામાં આવ્યા હતા.

જિલ્લા પંચાયતે સ્વભંડોળમાંથી આ મરામત માટે રૂ.૧૦ લાખની જોગવાઈ કરી હતી. આ શાળાઓની મરામત માટેના જે અંદાજો તૈયાર થઈને આવ્યા હતા તેને આજે મળેલી બેઠકમાં બહાલી આપવામાં આવી છે. જે ૨૬ શાળાઓમાં મરામત માટેના અંદાજોને બહાલી આપવામાં આવી છે તેમાં માણસા તાલુકાની ૧૦ શાળા, ગાંધીનગર તાલુકાની નવ શાળા, કલોલની ૩ શાળા અને દહેગામની ૪ શાળાનો સમાવેશ થાય છે.

ધોળાકૂવાના સેવાસેતુમાં વ્યકિતગત સેવા માટેના અરજી પત્રકો તંત્ર પાસે ખૂટી પડયા

તંત્રના અધિકારીઓએ 'આધારકાર્ડ' તેમજ 'મા વાતસલ્ય' માટે બીજો રાઉન્ડ એક સપ્તાહમાં યોજવાની ખાત્રી આપી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૫ અને ૬ માટેનો સેવાસેતુ કાર્યક્રમમાં ધોળાકુવા ખાતે વ્યકિતગત

સેવાઓને લગતા કેટલાક અરજીપત્રકો ખુટી પડયા હતા. જો કે આ કાર્યક્રમમાં ભાજપ સંગઠ્ઠનના આગેવાનોની ગેરહાજરી વર્તાતી હતી.

ધોળાકુવાના ચંચળ માતાજીના મંદિર ખાતે યોજાયેલ આ સેવા કેમ્પમાં ૧૮૦થી વધુ અરજદારો ઉમટી પડયા હતા. જેમાં આવકના દાખલા માટેના અરજીપત્રકો, વય વંદનાને લગતા અરજીપત્રકો તેમજ અન્ય કેટલાક ફોર્મ ખુટી જવા પામ્યા હતા. આધાર કાર્ડ અને મા વાતસલ્ય યોજના માટે પણ લોકોએ ભારે ધસારો કરતાં તંત્રના અધિકારીઓએ એકાદ સપ્તાહમાં જ બીજો રાઉન્ડ યોજવાની જાહેરાત કરી હૈયાધારણ આપી હતી.

આ કાર્યક્રમ દરમિયાન ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ડાયાબીટીસ અને બ્લડપ્રેશરની સ્ક્રીનીંગ પણ રાખવામાં આવી હતી જેમાં કુલ ૪૫૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

આ કાર્યક્રમમાં આધાર કેમ્પની પણ વ્યવસ્થા કરાઈ હતી જેમાં ૧૬૮ લોકોએ આધાર કાર્ડની નોંધણી કરાવી હતી જેની કામગીરી કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પણ ચાલુ રહી હતી.

આ કાર્યક્રમમાં 'મા વાત્સલ્ય' કાર્ડનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫ લોકોને 'મા વાત્સલ્ય કાર્ડ'નો લાભ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન બેંક એકાઉન્ટ સાથે આધાર લીંક તથા મોબાઈલ લીંક જોડાણ ૧૪૮ આપવામાં આવ્યા હતા.

ટોરન્ટ પાવર લીમીટેડ, ગાંધીનગર દ્વારા એલઈડી બલ્બ અને ટયુબ લાઈટ ૧૪૮ વેચાણ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન સિનિયર સીટીઝન્સના કાર્ડ કાઢી આપવાની વ્યવસ્થા પણ કરાઈ હતી જેમાં ૮ સિનિયર સિટીઝનોને લેમીનેશન કરી મહાનુભાવોના હસ્તે કાર્ડનુંવિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન આવકના દાખલા જાતિ પ્રમાણપત્રો અને રેશનીંગ

કાર્ડને લગતી ૭૧ સેવાઓ પુરી પાડવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન સ્વાઈન ફલુના અટકાયતી પગલાના ભાગરૂપે ઉકાળાનું વિતરણ કરાયું હતું. જેનો ૫૮૮ નગરજનોએ લાભ લીધો હતો.

આ કાર્યક્રમ દરમિયાન જુદા જુદા વિભાગોને લગતી બાબતો અંગે ૧૮૦૪ અરજીઓ આવી હતી જેમાં ૧૮૦૪ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં મેયર પ્રવિણ પટેલ, મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી, ધારસભ્ય અશોક પટેલ, મ્યુનિ. કાઉન્સીલરો કાર્તિક પટેલ, નાઝાભાઈ ઘાંઘર, પ્રવિણાબેન વોરા, પ્રવિણાબેન દરજી હાજર રહ્યા હતા.

ગ માર્ગ થી સે-૩માં જવાના એપ્રોચ માર્ગ પર છેલ્લા ત્રણ મહીનાથી લાઈટો ડુલ

અનેક ફરિયાદોના અંતે પણ લાઇટો ચાલુ થતી નથી : રહીશોમાં આક્રોશ

ગાંધીનગર તા ૧૫

શહેરમાં એલ ઈ ડી સ્ટ્રીટ લાઈટનો પ્રોજેકટ ખાડે ગયો છે. સેકટરોમાં મોટાભાગના દિવસોમાં અંધારુ છવાયેલુ જોવા મળે છે. ત્યારે ફરિયાદ નિવારણમાં પણ એક સાંધો ત્યાં તેર તુટે જેવી સ્થિતિ સર્જાય છે. સેકટરોમાં એલ ઈ ડી લાઈટની ફરિયાદો દુર કરવામાં પણ તંત્ર મંદ ગતિએ કામ કરે છે. ત્યારે હજુ કેટલાક ભાગોમાં મહીનાઓથી લાઈટો ડુલ હોવાથી રાત્રિના રોજ અંધારપટ સ્થાનિકો માટે ભયજનક સ્થિતિનુ નિર્માણ કરે છે. સે-૩ માં પણ આવી જ સ્થિતિ છે. ગ માર્ગ પરથી સે-૩ માં જવાના માર્ગ પર છેલ્લા ત્રણ મહીનાથી સ્ટ્રીટ લાઈટો બંધ છે. સ્થાનિકો ફરિયાદ કરીને ગળે આવી ગયા છે. છતા કોઈ પગલા લેવાતા નથી.

શહેરમાં એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ પ્રાથમિક દ્રષ્ટીએ નિષ્ફળ નિવડયો હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ત્યારે તંત્ર અને એજન્સીની મીલીભગતથી એલ ઈ ડી લાઈટના પ્રોજેકટને ભ્રષ્ટાચાર આભડી ગયો હોવાનો આક્રોશ પણ નગરજનો ઠાલવી રહયા છે. આવા સંજોગોમાં સેકટરોમાં લાંબા સમયના અંતે પણ એલ ઈ ડી લાઈટની જાળવણી યોગ્ય રીતે ન થતા અંધારુ છવાયેલુ જોવા મળે છે. પાટનગરના સેકટરોમાં જ સ્ટ્રીટ લાઈટની સેવાના મામલે છેવાડાના ગામથી પણ બદતર હાલત થઈ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. સેકટરોમાં બંધ રહેતી સ્ટ્રીટ લાઈટોની ફરિયાદના નિકાલ માટે તંત્ર દ્વારા હાથ ધરાતી કામગીરીના અંતે ગણતરીના દિવસોમાં જ જૈસે થે ની સ્થિતિ સર્જાય છે. ત્યારે કેટલાક ઠેકાણે મહીનાઓથી સ્ટ્રીટ લાઈટના થાંભલા માત્રઆડશરૂપ જ બન્યા હોવાનુ જોવા મળી રહયુ છે. ગ માર્ગ પરથી સે-૩ તરફ જવાના એપ્રોચ રોડ પર છેલ્લા ત્રણ મહીનાથી લાઈટો ડુલ છે. સ્થાનિક રહીશો અનેકવાર ફરિયાદ કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. જેના લીધે મહીલાઓ તેમજ સિનિયર સિટિઝન્સ સાંજ ઢળતા આ માર્ગ પરથી જવાનુ ટાળે છે. ત્વરિત અસરથી આ માર્ગ પર સ્ટ્રીટ લાઈટો ચાલુ થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા અનુસુચિત જનજાતિના અધિકારોના રક્ષણ અંગે રાજયપાલશ્રીને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૫

અનુસુચિત જનજાતિના હજારો ખોટા જાતિ પ્રમાણપત્ર આપી ખરા આદિવાસીઓના હક્કો ઉપર તરાપ મારેલ છે. અનુસુચિત જનજાતિના ખોટા પ્રમાણપત્ર આપવા સરકારે કરેલા ગેર કાયદેસર ઠરાવોને તાત્કાલીક રદ કરે અને અત્યાર સુધીના તમામ ખોટા પ્રમાણપત્રો તાત્કાલીક રદ કરી પ્રમાણપત્રોના આધારે મેળવેલા લાભો પરત લેવા ગેરલાયક ઠરાવવા અને તેવા ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવા ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા ગુજરાત રાજયના રાજયપાલને આવેદન પત્ર આપી રજુઆત કરી છે.

અનુસુચિત જનજાતિના હોવાના હજારો ખોટા સર્ટીફિકેટ આપીને સાચા આદિવાસીઓના બંધારણીય હક્કો પર અતિક્રમણ કરેલ છે. જેથી અત્યાર સુધીના આપેલા આવા તમામ ખોટા સર્ટીફિકેટ તાત્કાલીક રદ કરવા રજુઆત કરવામાં આવી છે. જેમાં બંધારણની પાંચમી અનુસુચિનો એના મુળ સ્વરુપે વહેલી તકે અમલ કરાવવો, નોકરીની ભરતીમાં મેરીટમાં કટ ઓફની મર્યાદાઓ અનુસુચિત જનજાતિ માટે દુર કરવા, પૂર્વ પટ્ટીના આદિવાસીઓ નર્મદાના નીરથી વંચિત રહેવા પામ્યા છે.તેઓને નીર મળી રહે તેવી વ્યવસ્થા કરવી, આદિવાસી માટે સરકારી યોજનાઓનો લાભ લેવા રૂ.૨.૫ લાખ સુધીની આવક મર્યાદા છે. આ આવક મર્યાદા સંપૂર્ણપણે નાબુદ કરવી, આદિવાસીઓના અસ્તિત્વ સામે ખતરો ઉભો થઈ રહ્યો છે ત્યારે તેઓને ન્યાય આપવા માટે ઉગ્ર રજુઆત ડુંગરી ગરાસીયા સમાજ સેવા ટ્રસ્ટના હોદેદારોએ કરી છે.

હવે, ગાંધીનગરમાં પણ ભૂવા...! : ગાંધીનગરના માર્ગો અને મકાનો રાજ્યભરમાં વખણાતા હતા. એક જમાનામાં ગાંધીનગરના માર્ગોની ઈર્ષા પણ થતી હતી. પરંતુ આજકાલ હવે, ગાંધીનગરના માર્ગો ઉપર પણ વારંવાર ભૂવા પડ્યાની ફરિયાદો ઉઠે છે. સેક્ટર-૬માંથી સેક્ટર-૩માં જવાના ક્રોસ રોડ પર મોટો ભૂવો પડતા વાહનચાલકો હાલાકીમાં મુકાયા છે.

સોનારડા ગામે સગર્ભા માતા હરીફાઈ યોજાઈ

તાલુકાના સોનારડા ગામે પોષણ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સોનારડા ખાતે સગર્ભા માતા હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં જિલ્લા માહિતી શિક્ષણ પ્રસારણ અધિકારી અરવિંદભાઈ નિનામા, તાલુકા માહિતી શિક્ષણ પ્રશારણ અધિકારી રાજેન્દ્રભાઈ પટેલ, વડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આયુષ તબીબ, રશ્મિકાબેન રાઠોડ, વડોદરાના મ.પ.સુ. ભાવેશ પટેલ તેમજ સ્થાનિક આશાવર્કર બહેનો હાજર રહ્યા હતા. આ હરીફાઈમાં આશરે ૨૨ સગર્ભા બહેનોએ હાજર રહી માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

જાહેર નિવિદા નં. ૫ સને ૨૦૧૭-૧૮

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ / જાહેર બાંધકામ વિભાગ દ્વારા નોંધાયેલ ઠેકેદારો પાસેથી એક કામની અંદાજી કુલ રકમ રૂ. ૩.૭૮ લાખના હિંમતનગર પેટા વિભાગ હસ્તકના ભોલેશ્વર મહાદેવ મંદિર (વસાઈ) તા. ઈડર ગામે ધાર્મિક સ્થળ કાર્યક્રમ હેઠળ ૧૦૦૦૦ લીટર ક્ષમતાની ૫.૦૦ મીટર ઉંટી ટાંકી, પાઈપ લાઈનના કામ માટે ફક્ત રજી. પો.એ.ડી.થી બંધ કવરમાં ભાવો કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, પ્રથમ માળ, જલભવન, નવા સરકીટ હાઉસ પાસે, હિંમતનગર - ૩૮૩૦૦૧ (ફોન નં. ૦૨૭૭૨-૨૪૬૪૨૬ ફેક્સ નં. : ૦૨૭૭૨-૨૪૨૧૭૨, વોટર સપ્લાય હેલ્પ લાઈન નં. ૧૮૦૦-૨૦૦-૧૪૦૦) જી. સાબરકાંઠા દ્વારા માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૨૫/૯/૨૦૧૭ છે. જ્યારે ભરેલ ટેન્ડરો પરત લેવાની છેલ્લી તારીખ : ૪/૧૦/૨૦૧૭ રાખવામાં આવેલ છે. ભરેલ ટેન્ડર કોઈપણ પ્રકારનું કારણ આપ્યા વગર રદ કરવાનો કાર્યપાલક ઈજનેરશ્રીને અબાધિત અધિકાર રહેશે. આ કામની વિગતવાર નોટીસ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com તથા અત્રેની કચેરીમાં જોઈ શકાશે.

ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૩૬૨/૨૦૧૭-૧૮